بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.28-07-2017 સ્થળ: હદીકતુલ મહદી, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

અલ્લાહ તઆલાના ફઝલથી આજે યૂ.કે.નો સર્વ ધર્મ સંમેલન શરૂ થઈ રહ્યો છે. આ દિવસોમાં દુઆઓ પર ખુબ જોર આપો અને જેમને તૌફીક છે તે સદકો પણ આપે કે અલ્લાહ તઆલા આ જલસાને તમામ રીતે કામિયાબ અને બાબરકત બનાવે અને તમામ તે લોકો જે અહીયા સામેલ થનાર પણ અને દુનિયાના અનેક સ્થાને રહેનાર અહેમદી પણ જે એમ.ટી.એ દ્વારા જલસાની કાર્યવાહી સાંભળી રહ્યા છે તેઓ પણ જલસાની કામિયાબી અને દુશ્મનની પ્રત્યેક યોજનાથી બચવા માટે દુઆ કરે. પાછલાં ખુત્બામાં મેં મહેમાન નવાઝી કરનાર કાર્યસેવકોને મહેમાનની મહેમાન નવાઝી કરવા તરફ ધ્યાન અપાવ્યું હતું. આજે ટુંકમાં મહેમાનોને આ તરફ ધ્યાન અપાવવા માંગું છું કે મહેમાનની પણ અમુક ફરજો અને જવાબદારીઓ હોય છે જેને તેમણે અદા કરવી છે. નિ:સંદેહ મહેમાનનું ઈસ્લામમાં ખુબ મહત્વ છે પરંતુ ઈસ્લામ એક એવો સંતુલિત અને સંતુલનની તાલીમ આપનાર ધર્મ છે જે માત્ર એક પક્ષને જ કર્તવ્યનો આભાસ કરાવીને નસીહત નથી કરતો બલ્કે બીજા પક્ષને પણ કહે છે કે તમે પણ પોતાના દાયિત્વોનું નિર્વાહ કરો તથા જે દાયિત્વોનો તમારા પર ભાર છે તમે તેને અદા કરો કેમકે આ જ વાત છે જે એક પ્રેમ તથા મિત્રતાના આધારે સમાજની સ્થાપનાનું કારણ બનશે, હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જ્યારે એક વખત પોતાની અપ્રસન્નતા વ્યકત કરતા જલ્સાનું આયોજન ન કર્યુ તો તે સમયે તેનું કારણ પણ જલસામાં સામેલ થનારના અનુચિત વ્યવહાર હતો અર્થાત આવનાર મહેમાન પોતાના દાયિત્વોનું નિર્વાહ ન કરવાના કારણે આપ અ.સ.ના દુખ અને અપ્રસન્નતાનું કારણ બન્યા હતા. આપે પોતાની અપ્રસન્નતા એટલા માટે જાહેર ન કરી કે જલસામાં સામેલ થનારથી આપને સીધી કોઈ મુશ્કેલી થઈ હતી બલ્કે આપે આ જાહેર કર્યુ કે તમે લોકો જે જલસમાં સામેલ થયા છો, એક બીજાનો હક અદા નથી કરતા બલ્કે સ્વાર્થ અને સ્વાભિમાનનું પણ પ્રદર્શન કરી રહ્યા છો, પોતાના આરામને બીજાના આરામને પ્રધાનતા આપી રહ્યા છો. જલસામાં આવીને આ પ્રકારનું વ્યવહાર કરી રહ્યા છો કે માનો આ કોઇ દુન્યવી મેળો છે જ્યારે કે જલસામાં આવવાનો ઉદ્દેશ્ય તો તકવામાં પ્રગતિ કરવી છે. ખુદા તઆલાથી પોતાના સંબંધમાં વધવું તથા એક બીજાના અધિકાર અદા કરવા અને એક બીજા માટે પોતાની કુરબાનીની ભાવના તથા પોતાના સ્તરને વધારવું છે અને જ્યારે આપે જોયું કે આ સ્તર પર અમુક લોકો ખરા નથી ઉતરી રહ્યા તો આપને ખુબ દુખ થયુ જેની અભિવ્યકિત આપે ખુલ્લી ફરમાવી. આથી જલસામાં સામેલ થનાર મહેમાન જ્યારે જલસામાં સામેલ થવા માટે આવે છે તો તે કેવળ મહેમાન નથી હોતા કે એક અતિથિના રૂપમાં પોતાના માટે સુંદર વ્યવહાર અને આરામ અને સુવિધાની આશા કરે બલ્કે બલિદાન અને વિનમ્રતાના ઉચ્ચ ધોરણો પણ મેળવનાર હોવા જોઈએ અને જલસાના આયોજનનો જે ઉદ્દેશ્ય છે, તે પ્રત્યેક સમયે તેમની સામે હોવો જોઈએ. જેવું કે મેં કહ્યું કે અલ્લાહથી સંબંધ અને રૂહાનિયતમાં ઉન્નતિ છે તથા એક બીજાનો અધિકાર આપવું છે. જ્યાં સુધી ગૈર અઝજમાઅત મહેમાનનો વિષય છે તો નિ:સંદેહ આપણે તેમનું ધ્યાન રાખવું છે તથા તેમના આતિથ્યમાં પોતાની શકિત અનુસાર જેટલી સુવિધાઓ ઉપલબ્ધ કરવી શકીએ તથા મહેમાન નવાઝીનો હક અદા થઈ શકે છે અદા કરવું છે. તથા વિશેષ રૂપથી કેટલીક કોંમોના સરદાર જે છે, તે પણ મહેમાન બની આવ્યા છે તેમનું આતિથ્ય વિશેષ રૂપમાં કરવું જોઈએ કેમકે આ આંહઝરત સ.અ.વ.નો આદેશ પણ છે કે કોંમોના લીડર અણે સરદાર જે તમારી પાસે આવે તો તેમનું સમ્માન કરો, સત્કાર કરો તથા તેમને ભોજન કરાવો.

તેવી જ રીતે વાસ્તવિકતાની શોધમાં અનેક લોકો આવે છે તે કોઈ પણ હોય તેમની મહેમાન નવાઝી આપણે સંપૂર્ણ રીતે કરવી જોઈએ આ જ આપણને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ વાત સમજાવી છે. આમ, આપ પોતાના લંગરના કાર્ય કર્તાઓને આ જ નિર્દેશ આપતા હતા કે તમે કોઈને ઓળખો છો કે નથી ઓળખતા, કોઈ મોટો છે કે નાનો, અમીર છે કે ગરીબ, તમારે પ્રત્યેકની મહેમાન નવાઝી કરવી છે પરંતુ જ્યારે એક અહેમદી જલસામાં સામેલ થવા માટે આવે છે તો તેણે પોતાને મહેમાન અને મેજબાન બંને સમજવું જોઈએ તો જ બલિદાન અને કુરબાનીની ભાવના વધશે તથા જલસાનું વાતાવરણ શાંતિ પૂર્ણ અને પ્યાર મહોબ્બતનું વાતાવરણ બનશે. અતિથિએ હંમેશા આ પ્રયાસ કરવો જોઈએ કે તેણે ઘર વાળાઓ માટે મુશ્કેલીનો સામાન નથી કરવો બલ્કે સુવિધાનો સામાન કરવો છે આ જ આંહઝરત સ.અ.વ.નો આદેશ છે. જલસાના દિવસોમાં અહીયા કેમકે અસ્થાયી પ્રબંધ હોય છે માટે અહીયા આવનારને તે આરામ અને સુવિધા નથી આપી શકતા જે એક સ્થાયી વ્યવસ્થા પર આપી શકાય છે. મહેમાનોએ કાર્યકર્તાઓ સાથે જરૂરીયાત મુજબ પ્રેમ અને વિનમ્રતા પૂર્વ ક વાત કરી પોતાની આવશ્યકતાને જણાવે અને જો કાર્યકર્તા કોઈ મજબૂરીના કારણે જરૂરીયાત મુરી ન કરી શકે તો પ્રસન્નચિત મન સાથે તેમની વિવશતાને સ્વીકાર કરે.

પ્રત્યેક આવનાર અહેમદી મહેમાન પોતાને કેવળ મહેમાન ન સમજે, જેવું કે મેં કહ્યું બલ્કે આ નિય્યતથી જલસામાં સામેલ થાય કે મારો મુખ્ય હેતુ આ જલસામાં સામેલ થઈ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની દુઆઓનો વારિસ બનવું છે. જલસાની બરકતથી લાભ મેળવવો છે તથા પોતાની આધ્યાત્મિકતામાં પ્રગતિ કરવી છે, ન કે નાની નાની દુન્યવી સુવિધાઓ પાછળ પોતાનો સમય બગાડવો અને ખરાબ કરવું છે અને કાર્યકર્તાઓને પણ હું ફરીથી આ કહું છું કે જે પણ સ્થિતિ હોય, જેવો પણ કોઈનો વ્યવહાર હોય આપ લોકોએ શિષ્ટાચાર અને ધૈર્ય તથા સાહસનો પ્રદર્શન કરવો છે. મહેમાનોને ભોજનમાં જે કંઈ મળે આ ત્રણ દિવસોમાં તેણે હસી ખુશીથી ખાઈ લેવું જોઈએ. જુઓ આ કેટલી મહાન ભાવના છે કે કેટલાક લોકો જે અનેક વિભાગોમાં અફસર છે માત્ર એટલા માટે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવામાં બરકત છે, રજાઓ મુકીને એક શોખ અને રૂચિથી ભોજન તૈયાર કરવાની સેવા પણ કરે છે માટે જો ભોજનના સ્વાદમાં ન્યૂનાધિકતા પણ થઈ જાય તો ફરિયાદની જરૂર નથી, પરંતુ કાર્યકર્તા પણ યાદ રાખે, જે ભોજન કરાવનાર છે, જે ભોજન પહોચાડનાર છે કે જ્યારે કોઈને ભોજન આપે તો સાદર પરોસે અને જો કોઈ દસ વાર પણ શાકની માંગ કરે તથા પોતાની ઈચ્છા અનુસાર શાક નખાવવા ચાહે તો આપો. ઘણી વાર ભોજન સ્થાન પર નાની નાની બાબતોમાં મનમુટાવ થઈ જાય છે તેનાથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ.

સિકયોરિટીની સમસ્યાઓ પ્રતિ વર્ષ વધી રહી છે માટે સિકયોરિટી ચેકિંગ પર પણ ભરપૂર સહયોગ કરો. પોતાનો એમ કાર્ડ અને જ્યાં આ નથી અથવા પરિચય પત્રની જરૂરીયાત છે અથવા પરિચય પત્ર દેખાડવાની જરૂર છે તે જરૂર દેખાડે તથા જેટલી વાર પણ માંગે દેખાડો. પોતાનો કાર્ડ તથા વિશેષ ક્ષેત્રોનો પાસ કોઈ બીજાને ન આપો અથવા કોઈ પણ સ્થાને જવા માટે જો access છે તો કાર્ડ કોઈ બીજાને ન આપે, સાવધાની વાપરવી જોઈએ. ચેકિંગ કરનાર પણ જો કોઈને બે કાર્ડ જારી થયા છે એમ્ઝ સિવાય તો બંને કાર્ડ ચેક કરે અને જુએ કે એક જ નામના બંને હોવા જોઈએ.

તેવી જ રીતે આ વર્ષે સિકયોરિટી વાળો આ વાતને પણ ચેક કરે તથા રોકે તે લોકોને જે પોતાની સાથે પાણીની બોટલો લાવે છે, મહેમાન આ ચેકિંગમાં પણ સહયોગ કરે કેમકે સરકારી સંસ્થાનો તરફથી અમોને આ તરફ ધ્યાન અપાવ્યું છે તથા આ બધું સુરક્ષા વ્યવસ્થા છે માટે બધાએ સહયોગ કરવો જોઈએ. સિકયોરિટી ચેક કરનાર કાર્યકર્તાઓનું પણ કામ છે કે ચાહે કોઈ ઓળખીતો હોય કે ન હોય, કાર્યકર્તા છે અથવા સાધારણ વ્યકિત છે, અધિકારી છે અથવા સામાન્ય વ્યકિત છે, પ્રત્યેકને ચેક કરે. આથી આ વિશે કોઈએ ખોટુ લગાડવાની જરૂર નથી અને ન ચેકિંગ કરનારને શર્માવાની જરૂર છે.

તેવી જ રીતે આ પણ અનિવાર્ય છે કે પ્રત્યેક વ્યકિત પોતાની આજુ બાજુના વાતાવરણ પર નજર રાખે, આ ખુબ જરૂરી છે અને સૌથી અધિક જેવું કે મેં પહેલા પણ કહ્યું હતું કે આ દિવસોમાં દુઆઓ પર ખુબ જોર આપે. અલ્લાહ તઆલા પ્રત્યેક દ્રષ્ટિથી જલસાને બરકત વાળો બનાવે. જલસાની કાર્યવાહીઓ સાંભળે અને આમ તેમ ન ફરે. એક વસ્તુ પ્રબંધકો તથા કાર્યકર્તાઓએ આ પણ કહેવા માંગું છું કે અને પહેલા પણ અનેક વાર કહી ચુકયો છું કે પ્રબંધક લોકોની સવિધા માટે અધિકથી અધિક પ્રયાસ કરે. ઘણી વાર અમુક લોકો ખાઈ પીને નથી આવતા ઘરેથી જલ્દી આવી જાય છે અથવા આદત નથી હોતી સવારે વહેલા ખાવાની અને પછી અહીયા આવીને ઘણી વાર ખાવામાં મોડું થઈ જાય છે. લાંબા અંતરાળના કારણે તેમની તબીયત બગડવી શરૂ થઈ જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે લાંબા સમય સુધી ખાલી પેટ નથી રહી શકતા તો જો કોઈ એવો વ્યકિત હોય તો ભોજન સ્થાને કોઈ ને કોઈ ખાવાની સામગ્રીની વ્યવસ્થા હોવી જોઈએ તથા લોકો ત્યાં ડયૂટી પર ઉપલબ્ધ હોવા જોઈએ. પરંતુ મહેમાન પણ જો આવી સ્થિતિ હોય તો તરત જ ખાઈને પાછા આવે તથા જલસાની કાર્ય વાહી સાંભળે.

તેવી જ રીતે પ્રબંધક આ વાતને પણ સુનિશ્ચિત કરે કે બજારો સંપૂર્ણ બંધ હોય. કોઈ સ્ટોલ અથવા દુકાનમાં સ્ટોલ વાળો અથવા દુકાન વાળો પણ ઉપસ્થિત ન હોય, બધા જલસો સાંભળે અને પહેલી વાત તો આ જ છે કે સિકયોરિટીની વ્યવસ્થા ત્યાં હોવી જોઈએ તથા જીમ્મેદારી હોવી જોઈએ સિકયોરિટી વ્યવસ્થાની બજારના વિભાગ દ્વારા પરંતુ જો તો પણ કેટલાક લોકોની સંતુષ્ટિ નથી, મૂલ્યવાન સામગ્રી છે તો દુકાન પર નથી બેસવું ત્યાં, એક સ્થાન નિશ્ચિત કરી લો જ્યાં એક ખૂણાંમાં બજારમાં જલસો સાંભળવાની વ્યવસ્થા હોય અને એમટીએ લાગેલ હોય.

તેવી જ રીતે આ વાત પણ કહેવા માંગું છું કે જમાઅતી રૂપમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પ્રદર્શનીઓ લગાવવામાં આવી છે જેમાં રિવ્યૂ ઓફ રિલીજન્ઝની પ્રદર્શની પણ હશે તથા સાથે જ મસીહના કફનની પ્રદર્શની પણ હશે. આ વિષયના કેટલાક વિદ્વાન બહારથી પણ આવી રહ્યા છે જે પોતાના લેકચર પણ આપશે તથા પ્રશ્નોત્તર પણ કરશે. આમાં પણ જે લોકોની રૂચિ છે તેમણે લાભ મેળવવો જોઈએ.

તેવી જ રીતે અલ કલમનો પ્રોજેકટ પણ આ વખતે રિવ્યૂ ઓફ રિલીજન્ઝ દ્વારા ચાલશે જ્યાં કુરઆન એ કરીમની કોઈ આયત હાથે લખવાનો અવસર આપવામાં આવે છે. આમા લોકો ખુબ દિલચસ્પીથી સામેલ થાય છે તો જેને પણ રૂચિ છે તેઓ તેમાં ભાગ લઈ શકે છે. તેવી જ રીતે વિભાગ આર્કાઈવ્ઝ દ્વારા પણ આ વખતે કેટલીક પવિત્ર વસ્તુઓની પ્રદર્શનીનું પ્રબંધ કરવામાં આવ્યું છે, તે પણ જોવા લાયક વસ્તું હશે. આલીમ લોકો અલ્લાહ તઆલાના ફઝલથી ખુબ પરિશ્રમથી પોતાની તકરીર તૈયાર કરે છે, તેનાથી પુરો લાભ ઉઠાવવો જોઈએ કેવળ આ જ નહી કે પોતાની પસંદના ભાષણકર્તાઓ અથવા નિબંધોને ધ્યાન પૂર્વક સાંભળે, અને બાકીને ધ્યાન ન આપે. ઝઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે તમામ લોકો ધ્યાનથી સાંભળે હું મારી જમાઅત અને સ્વયં મારી જાત તથા પોતાની આત્મા માટે આ જ ઈચ્છું છું તથા પસંદ કરૂ છું કે ભાષણમાં જોશની અભિવ્યકિતનું પ્રદર્શન જે લેકચરમાં હોય છે તેને ન કેવળ આ કે પસંદ કરવામાં આવે તથા આખો ઉદ્દેશ્ય અને લક્ષ્ય આજ થઈ જાય કે બોલનાર કેવી જાદુ ભરી તકરીર કરે છે, શબ્દોમાં કેટલો જોર છે. હું આ વાતથી પ્રસન્ન નથી થતો. ફરમાવે છે કે હું તો આ જ પસંદ કરૂ છું કે ન બનાવટ અને અભિવ્યકિતથી બલ્કે મારી પ્રકૃતિ અને પસંદની આ જ આવશ્યકતા છે કે જે કામ હોય અલ્લાહ માટે હોય. ફરમાવ્યું કે જે વાત થાય ખુદા માટે થાય. પછી આપ ફરમાવે છે કે આપણે જે કંઈ કહીએ ખુદા માટે કહીએ, તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે તથા જે કંઈ સાંભળીએ ખુદાની વાતો સમજીને સાંભળીએ તથા અમલ કરવા માટે સાંભળીએ તથા ઉપદેશની સભામાંથી આપણે કેવળ એટલું જ અંશ ન લઈ જઈએ કે આ કહીએ કે આજે ખુબ સારો ઉપદેશ સાંભળવા માળ્યું. સાંભળો, અને ધ્યાન પૂર્વક સાંભળો તથા આ નિય્યતથી સાંભળો કે

તેના અનુસાર કર્મ કરવો છે. કેવળ આ નિય્યતથી ન સાંભળે કે ઉપદેશની પ્રશંસા કરવી છે. પછી આપ ફરમાવે છે કે મુસલમાનોનાપતનિ અને પડતી આવવાનો આ એક મોટું કારણ છે કે તેઓ આ નિય્યતથી ન સાંભળતા. ફરમાવ્યું નહીતર એટલી કોન્ફ્રેન્સો તથા અંજુમનો અને સભાઓ થાય છે તથા ત્યાં ધુવાધાર ભાષણ કરનાર તથા લૈકચરર પોતાના લેકચર વાંચે છે અને તકરીરો કરે છે તથા કવીઓ કોમની સ્થિતિ પર નોહા ખ્વાનિઓ કરે છે, આ શું વાત છે કે તેનો કોઈ પ્રભાવ નથી પડતો. ફરમાવ્યું કે કોમ દિન પ્રતિદિન પ્રગતિના બદલે પતન તરફ જાય છે. આ જ આપણે જોતા આવ્યા છીએ તથા આજ કાલ તો એથી પણ અધિક ભયાનક હાલતો થતી જઈ રહી છે. ફરમાવ્યું કે વાત એ જ છે કે આ સભાઓમાં આવનાર જનાર નિષ્ઠા લઈને નથી જતા.

આથી આ મૂળ ઉદ્દેશ્યને પ્રત્યેક સામેલ થનારે સમજવું જોઈએ કે નિષ્ઠા પૂર્વક આ જલસામાં સામેલ થાય, તકરીરોને સાંભળે તથા આ ધારણા સાથે સાંભળે કે આપણે તેના અનુસાર કાર્ય કરવાનો યથા સંભવ પ્રયાસ કરવો છે. અહેમદી અલીમો પર અલ્લાહ તઆલાનો આ ખુબ ફઝલ છે કે તેઓ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના ઈલ્મે કલામથી લાભ મેળવે છે. અલ્લાહ અને તેના રસૂલની વાતો તથા તે જ્ઞાન દ્વારા લાભ મેળવીને આપણા સુધી પહોચાડે છે, આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક વિષય બયાન કરે છે. જો આપણે વાસ્તવમાં આનાથી લાભ મેળવનાર થઈએ તો આપણા જીવનમાં એક ક્રાંતિ પૈદા કરી શકીએ છીએ.

અલ્લાહ તઆલા જલસામાં સામેલ થનાર તમામ લોકોને જલસાના ઉદ્દેશ્ય પૂર્ણ કરવાનું સામર્થ્ય આપે.

આમીન

******

## TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 28 July 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................<br>.......................................................<br>.......................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |